|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૨૫

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે** (૪×૫)

**(૧) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં આવે છે?**

૧. એ યં પિયણં **એવું પણ** **સંથારાના પાઠમાં**

૨. અણત્થા દંડે **અર્થ વિના દંડાય** **આઠમા વ્રતમાં**

૩. ઠાએમિ **એક સ્થાને બેસીને કરું છું** **પ્રતિક્રમણના પહેલા પાઠમાં**

૪. આરુગ્ગ **આરોગ્ય–આત્મિક શાંતિ** **સામાયિકના પાંચમા પાઠમાં**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. સંથારા સહિતનું પંડિત મરણ કોને આવે?

**જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની ઉત્તમ આરાધના કરનાર સાધુ કે શ્રાવકને આવે.**

૨. જીવાયોનિ કોને કહે છે? **જીવોનું ઉત્પત્તિ સ્થાન અથવા ઉત્પત્તિ ક્ષેત્રમાં લીધેલો પ્રથમ આહાર.**

૩. યોનિ કયા જીવોની હોય છે? **પન્નવણા સૂત્ર પદ ૧ માં યોનિ માત્ર બાદર પર્યાપ્તા જીવોની જ બતાવી છે.**

૪. સર્વ કાળની આશાતના એટલે શું?

**સર્વ કાળની આશાતના એટલે ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ એમ ત્રણે કાળની બધી આશાતના.**

**(3) નીચેનામાં માત્ર સંખ્યા લખો.**

૧. અરુણોદક સમુદ્રના શ્રાવકના અતિચાર **૭૯** ૨. ગુણવ્રતના અતિચાર **30**

૩. ઉત્સર્પિણીના ચોથા આરામાં લાગતા અતિચાર ૯૯ ૪. તપ સંબંધી અતિચાર ૫

૫. ઉપશમ સમકિતી શ્રાવકના અતિચાર ૯૪ ૬. સ્થાન સંબંધી અતિચાર ૨

૭. માત્ર એગવિહં તિવિહેણં આવતા હોય તે પાઠના અતિચાર ૨૫ ૮. નાના અતિચાર ૮૯

(૪) નિરપરાધી હિંસાના પ્રકાર સમજાવો.

સાપેક્ષ હિંસા : દ્વેષ બુદ્ધિ કે કષાયના ભાવ વિના કોઇ વિશેષ પ્રયોજનથી જીવહિંસા થાય તે સાપેક્ષ હિંસા છે. જેમકે ગાય, ભેંસ આદિ પશુઓને તેની સુરક્ષા માટે ખીલે બાંધવા, બાળકોને ન ગમે છતાં કડવી દવા પીવડાવવી વગેરે પ્રવૃત્તિની શ્રાવકોને છૂટ હોય છે.

નિરપેક્ષ હિંસા : કોઇ પણ પ્રકારના પ્રયોજન વિના જીવહિંસા થાય તે નિરપેક્ષ હિંસા છે જેમકે હાલતા ચાલતા વિના પ્રયોજને વૃક્ષના પાન તોડવા.

(૫) નીચેના વાક્યો કયા અતિચાર માટે બંધબેસતા છે? તે લખો.

૧. મે મહિનામાં ગાજવીજ થાય ત્યારે પુચ્છિંસ્સુણં ફેરવ્યું હોય. અકાલે કઓ સજ્ઝાઓ

૨. વરસાદમાં પલળતા પલળતા સ્ત્રીનો વિનયભંગ કર્યો હોય. અનંગકીડા

૩. સામાયિકમાં બેઠા બેઠા માવઠાથી થયેલા નુકશાનની ચર્ચા કરી હોય. વય દુપ્પણિહાણે

૪. વર્ષા ઋતુમાં તો ભજીયા ખાવા જોઇએ જ જોઈએ. ઉવભોગ પરિભોગ અઈરત્તે

૫. હું મરીને વરુણદેવ થાઉં તેવી ઈચ્છા કરી હોય. પરલોગા સંસપ્પઓગે

૬. મર્યાદા ઉપરાંતથી અન્યને મોકલાવી રેઈનકોટ મંગાવ્યો હોય. આણવણપ્પઓગે

૭. પૌષધમાં વરસાદના પાણીમાં બરાબર જોયા વગર પરઠ્યું હોય.

અપ્પડિલેહિય દુપ્પડિલેહિય ઉચ્ચાર પાસવણ ભૂમિ

૮. વરસાદમાં રમવાની મોજ લેવા માટે વડીલોને સમયસર જમવાનું આપ્યું ન હોય. ભત્તપાણ વોચ્છેએ

(૪૦)

પ્ર.૨ નવ તત્ત્વના આધારે જવાબ લખો. (૪×૧૦)

(૧) વ્યાખ્યા લખો.

૧. વિતિમિરા અજ્ઞાનરૂપી અંધકારથી રહિત.

૨. અનાવગાહત્વ શુદ્ધ જીવ પોતે જ્યાં છે, ત્યાં અનંત જીવો અવગાહીને રહી શકે છે અર્થાત્ એક જીવના અવગાહ ક્ષેત્રમાં અનંત જીવો સમાઈ જાય છે.

૩. બદ્ધ કર્મબંધ જે કર્મબંધમાં કષાયની માત્રા તીવ્ર (અધિક) હોય તે બદ્ધ કર્મબંધ.

૪. વચન યોગ આત્મપ્રદેશોમાં સતત એક પ્રકારનું કંપન થાય છે તે કંપન વચનના માધ્યમથી થાય તો તે

**વચન યોગ છે.**

**(૨) ખાલી જગ્યા પૂરો.**

૧. પાપના સેવનથી ...... કર્મનો બંધ થાય અને તેના દ્વારા ...... ગુણોની ઘાત થાય છે. **ઘાતી, આત્મ**

૨. સંવર ...... નું પ્રથમ સોપાન છે. **આત્મશુદ્ધિ**

૩. ...... રૂપી અગ્નિથી કર્મના ...... નો નાશ થાય છે. **તપ, રસ**

૪. જીવના ...... નું સ્થાન અથવા ...... નું સ્થાન આ લોક છે. **પરિભ્રમણ, કર્મભોગ**

૫. ...... પુણ્ય શ્રેષ્ઠ છે. **અનારંભી**

**(૩) એક શબ્દમાં જવાબ લખો.**

૧. આશ્રવનું મુખ્ય એક કારણ શું છે? **યોગ** ૨. જીવનું લક્ષણ શું છે? **ઉપયોગ**

૩. ૧૨ ભાવનામાં શિરોમણિ શું છે? **સંવર ભાવના** ૪. ૧૨ તપમાં સાધ્ય કયું? **ધ્યાન**

૫. વાણવ્યંતરના નગર કોની નીચે હોય? **દ્વીપ** ૬. શેનો સદંતર ત્યાગ કરવાનો છે? **મહાવિગય**

૭. વર્ષા આદિનું પ્રમાણ જાણવા કયો કાળ છે? **પ્રમાણ કાળ**

૮. સિદ્ધ સર્વ પ્રકારના પૌદ્‌ગલિક ભાવોથી મુક્ત હોવાથી શું છે? **અસંગ**

**(૪) નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો.**

૧. આપણે રોજ કાયકલેશ તપ કેવી રીતે કરી શકાય?

**લિફ્ટનો ત્યાગ, ચપ્પલનો ત્યાગ કરીને.**

૨. સંસાર કોનો સંયોગ છે? **જીવ અને કર્મનો સંયોગ સંસાર છે.**

૩. પુદ્‌ગલના પરિણામના ૩ થી ૫ નામ લખો. **3) સૂક્ષ્મતા ૪) સ્થૂળતા ૫) સંસ્થાન.**

૪. અધર્માસ્તિકાય શેમાં સહાય કરે છે? **જીવ અને પુદ્‌ગલની બધા પ્રકારની સ્થિતિમાં.**

**અથવા ગતિશીલ જીવ અને પુદ્‌ગલને સ્થિર કરવામાં સહાય કરે છે.**

**(૫) એકેક તફાવત લખો.**

૧. ભાષા સમિતિ–વચન ગુપ્તિ

**ભાષા સમિતિ : કર્કશકારી, કઠોરકારી વગેરે આઠ પ્રકારની ભાષા બતાવી છે તે ન બોલવી.**

**વચન ગુપ્તિ : વચનયોગનો નિરોધ કરવા પુરુષાર્થ કરવો અને બોલવું જ પડે તો સત્ય ભાષાનો પ્રયોગ કરવો.**

૨. દ્રવ્ય સંવર–ભાવ સંવર

**દ્રવ્ય સંવર : કર્મ પુદ્‌ગલોના પ્રવેશને બંધ કરવા, આવતા કર્મ અટકાવવા.**

**ભાવ સંવર : સંસારના કારણરૂપ કષાય અને યોગરૂપ આત્માના પરિણામ છે તેનો ત્યાગ કરવો.**

૩. પુણ્યાનુબંધી પુણ્ય–પાપાનુબંધી પુણ્ય

**પુણ્યાનુબંધી પુણ્ય : પુણ્યના ઉદયમાં પુણ્યનો જ બંધ કરાવે.**

**પાપાનુબંધી પુણ્ય : પુણ્યના ઉદયમાં પાપનો જ બંધ કરાવે.**

૪. ઔપશમિક ભાવ–ક્ષાયિક ભાવ

**ઔપશમિક ભાવ : કર્મના ઉપશમથી જીવમાં જે ભાવ પ્રગટ થાય તે.**

**ક્ષાયિક ભાવ : કર્મના ક્ષયથી જીવમાં જે ભાવ પ્રગટ થાય તે.**

**(૬) ચાર વિકલ્પમાંથી કયો વિકલ્પ અલગ પડે છે? શા માટે?**

૧. **ઘીનો ત્યાગ,** ટી.વી.નો ત્યાગ, મોબાઈલનો ત્યાગ, સ્નાન ત્યાગ

**રસપરિત્યાગનો ભેદ છે બાકીના ત્રણ પ્રતિસંલીનતાના ભેદ છે.**

૨. દ્રવ્ય મર્યાદા, ૧૪ નિયમ ધારવા, **રાત્રિભોજન ત્યાગ,** ભોજન મર્યાદા,

**રાત્રિભોજન ત્યાગ અનશન તપનો ભેદ છે બાકીના ત્રણ વૃત્તિસંક્ષેપના ભેદ છે.**

૩. સ્કંધ, દેશ, પ્રદેશ, **પરમાણુ**

**પરમાણુ માત્ર પુદ્ગલમાં છે. બાકીના દ્રવ્યમાં ન હોય.**

૪. **બે ઉપવાસ,** ભક્ત પ્રત્યાખ્યાન, પાદપોપગમન, ઈંગિતમરણ

**બે ઉપવાસ ઈત્વરિક અનશન તપ છે બાકીના ત્રણ યાવત્કથિતના ભેદ છે.**

**(૭) યોગ્ય વિકલ્પ પર ટીક કરો.**

૧. જીવનું સ્વરૂપ શું છે? (અપરિણામી, મૂર્ત, અક્રિયાશીલ, **નિત્ય**)

૨. બંધ સ્થિતિમાં કયો ભાંગો શૂન્ય છે? (અનાદિ અનંત, અનાદિ સાંત, **સાદિ અનંત,** સાદિ સાંત)

૩. ઉર્ધ્વગતિના કયા કારણો છે? (**પૂર્વપ્રયોગ,** ઈન્ધનતા, વિસંગતા, રાગતા)

૪. પુણ્યના ઉદય કયા કર્મના કારણે હોય છે? (મોહનીય, જ્ઞાનાવરણીય, **વેદનીય,** અંતરાય)

**(૮) નીચેના વાક્યો જે તત્ત્વમાંથી લીધા હોય તે તત્ત્વનું નામ લખો. (ઓપન બુકવાળાએ પાના નં. લખવા.)**

૧. ઈરિયાપથિકીની સ્થિતિ માત્ર બે સમયની છે. **આશ્રવ તત્ત્વ/૯૪**

૨. દરરોજ ત્રણ મનોરથની ભાવના ભાવે છે. **સંવર તત્ત્વ/૯૯**

૩. કર્મ દલિકોનું આત્માથી છૂટું પડવું. **નિર્જરા તત્ત્વ/૧૦૨**

૪. અન્ય જીવોને ધર્મમાર્ગમાં સહાયતા આપવી. **પુણ્ય તત્ત્વ/૮૪**

૫. કાળની ગણના અસ્તિકાયમાં કરવામાં આવી નથી. **અજીવ તત્ત્વ/૬૮**

૬. કર્મોનું પ્રમાણ **બંધ તત્ત્વ/૧૨૦**

૭. જ્ઞાન એ જીવનો મુખ્ય ગુણ છે. **જીવ તત્ત્વ/૬૦**

૮. વિજાતીય દ્રવ્યોના સંયોગ રહિત છે. **મોક્ષ તત્ત્વ/૧૨૮**

**(૯) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.**

૧. જીવની ઈચ્છા વિનાની નિર્જરા તે અકામ નિર્જરા છે. **સાચું.**

૨. સિદ્ધના મધ્યમ ગુણ ૮ છે. **ખોટું. સિદ્ધના મધ્યમ ગુણ ૩૧ છે.**

૩. નવ તત્ત્વમાં ગુરુ તત્ત્વ નિર્જરા છે. **ખોટું. નવ તત્ત્વમાં ગુરુ તત્ત્વ સંવર છે.**

૪. લોકના વિષયોનો બોધ કરવો તે આત્મિક છે. **ખોટું. લોકના વિષયોનો બોધ કરવો તે જાગતિક છે.**

**(૧૦) નીચેનામાં માત્ર સંખ્યા લખો.**

૧. જીવની શુદ્ધ પર્યાય ૪ ૨. વચનથી થતા પાપ ૬ ૩. અનારંભી પુણ્ય ૪

૪. શ્રાવકને ક્રિયા **૨૨** ૫. આત્માની સિદ્ધિ પ્રમાણ ૩ ૬. કાળના વિભાગ ૪

૭. સંવરના વિસ્તારથી ભેદ **૫૭** ૮. આશ્રવના સામાન્યથી ભેદ **૨૦**

(૨૦)

**પ્ર.૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓનો ભાવાર્થ લખો. (ગાથા નહિ)** **(૬)**

૧. પાણિવહ ...... અણાસવો ॥

**અર્થ : હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ અને રાત્રિભોજનના વિરતિથી જીવ આશ્રવ રહિત બને છે અર્થાત્ હિંસાદિના ત્યાગથી કર્મબંધ અટકી જાય છે.**

૨. જો સો ...... વગ્ગો ય ॥

**અર્થ : સંક્ષેપમાં ઈત્વરિક તપના છ પ્રકાર છે – શ્રેણિ તપ, પ્રતર તપ, ઘન તપ, વર્ગ તપ.**

૩. એગંત ...... સયણાસણં ॥

**અર્થ : જન સામાન્ય આવાગમન રહિત, સ્ત્રી, પશુ, નપુંસકના નિવાસ રહિત એકાંત સ્થાનમાં શયન, આસન ગ્રહણ કરવું, તે વિવિક્ત શયનાસન પ્રતિસંલીનતા તપ છે.**

૪. ઈત્થી ...... વત્થેણં ॥

**અર્થ : સ્ત્રી અથવા પુરુષ, અલંકાર યુક્ત કે અલંકાર રહિત, અમુક વયવાળા કે અમુક વસ્ત્ર પહેરેલ વ્યક્તિ સંબંધી અભિગ્રહ કરીને.**

**(૨) નીચેની ગાથાઓ પૂર્ણ કરો.** **(૬)**

૧. દવ્વે **ખેત્તે કાલે, ભાવમ્મિ ય આહિયા ઉ જે ભાવા ।**

**એએહિં ઓમચોરઓ, પજવચરઓ ભવે** ભિક્ખુ ॥

૨. એસો **બાહિરંગ તવો, સમાસેણ વિયાહિઓ ।**

**અબ્ભિંતર તવં એત્તો, વિચ્છામિ અણુ** પુવ્વસો ॥

૩. અહવા **સપરિકમ્મા, અપરિકમ્મા ય આહિયા ।**

**ણીહારિમણીહારી, આહારચ્છેઓ** દો સુ વિ ॥

૪. જહા **મહાતલાયસ્સ, સણ્ણિરુદ્ધે જલાગમે ।**

**ઉસ્સિંચણાએ તવણાએ, કમેણં સોસણા** ભવે ॥

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૮)**

૧. તપથી શું થાય છે? **કરોડો ભવના સંચિત કર્મોનો ક્ષય થાય છે.**

૨. નિર્ધારિત ક્ષેત્રમાં ભિક્ષામાં જવું તે કયું તપ છે? એક શબ્દમાં લખો. **ક્ષેત્ર ઉણોદરી**

૩. બાહ્ય તપના નામ લખો. **અનશન, ઉણોદરી, ભિક્ષાચર્યા, રસ પરિત્યાગ, કાયક્લેશ, સંલીનતા.**

૪. કોની અપેક્ષાએ વૈયાવચ્ચના કેટલા ભેદ છે? બે શબ્દમાં લખો. **આચાર્યાદિ, ૧૦**

૫. પયંગ વીહિયા એટલે શું? **પતંગિયાની ગતિ જેવા આકારમાં.**

૬. સવિચાર એટલે શું? **પડખું બદલવું વગેરે ક્રિયા સહિત.**

૭. તપ એ શું છે? એક શબ્દમાં લખો. **દિવ્ય રસાયણ**

૮. તપોમાર્ગ કેટલામું અધ્યયન છે અને કેટલી ગાથા છે? બે શબ્દમાં લખો. **ત્રીસમું, ૩૭**

**(૨૦)**

**પ્ર. ૪ કોઠો બનાવીને માર્ગણા લખો.**

**(૧) માત્ર સંખ્યામાં લખો.** **(૧૦)**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. ત્રસ વૈક્રિય મિશ્ર | ૧૪ | ૫ | ૧૫ | ૧૮૪ | ૨૧૮ |
| ૨. એકાંત મિથ્યાદષ્ટિ અમર | ૧ | ૦ | ૫૬ | ૧૮ | ૭૫ |
| ૩. મનયોગી સમ્યક્ દષ્ટિ | ૭ | ૫ | ૪૫ | ૮૧ | ૧૩૮ |
| ૪. તિર્ચ્છાલોક કૃષ્ણલેશી નોગર્ભજ | ૦ | ૩૮ | ૧૦૧ | ૫૨ | ૧૯૧ |
| ૫. ઉર્ધ્વલોક રૌદ્રધ્યાની | ૦ | ૫ | ૦ | ૨૪ | ૨૯ |
| ૬. અધોલોક ત્રસ અભાષક | ૭ | ૧૩ | ૩ | ૨૫ | ૪૮ |
| ૭. એકાંત અસંજ્ઞી બાદર | ૦ | ૨૮ | ૧૦૧ | ૦ | ૧૨૯ |
| ૮. એકાંત અસંખ્યાતકાળની સ્થિતિવાળા | ૬ | ૦ | ૮૬ | ૪૮ | ૧૪૦ |
| ૯. તેજોલેશી અણાહારક | ૦ | ૮ | ૧૦૧ | ૬૪ | ૧૭૩ |
| ૧૦. અધો ઉર્ધ્વ મિશ્ર કાયયોગ | ૧૪ | ૩૦ | ૩ | ૧૧૨ | ૧૫૯ |

**(૨) નીચેની માર્ગણા સમજૂતી સાથે લખો.** **(૧૦)**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૫. તિર્છાલોક સમુચ્ચય નપુંસક વેદમાં | 0 | ૪૮ | ૧૩૧ | 0 | ૪૮ તિર્યંચના, ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યા., ૧૫ કર્મભૂમિના અપર્યા. પર્યા. | ૧૭૯ |
| ૨. અવ્યવહાર રાશિમાં | 0 | ૪ | 0 | 0 | સૂક્ષ્મ અને સાધારણ વનસ્પતિના અપર્યા. પર્યા. | ૪ |
| ૩. બાદર ઔદારિક શાશ્વતામાં | 0 | ૩૩ | ૧૦૧ | 0 | ૪૮ માંથી ૧૦ સૂક્ષ્મ અને ૫ સંજ્ઞી તિ. પંચે.ના અપર્યા. વર્જીને, ૧૦૧ સંજ્ઞી મનુષ્યના પર્યા. | ૧૩૪ |
| ૪. સમકિતી અમર | ૬ | 0 | ૩૦ | ૮૧ | ૧ થી ૬ નરક, ૩૦ અકર્મભૂમિ, ૮૧ દેવતા (૧૫ પરમાધામી અને ૩ કિલ્વિષી વર્જી) ૧૧૭ ના અપર્યા. | ૧૧૭ |
| ૫. બાદર ઔદારિક મિશ્રયોગીમાં | 0 | ૨૫ | ૨૧૭ | 0 | ૨૪ અપર્યા.માંથી ૫ સૂક્ષ્મના વર્જીને ૧૯, ૧ બાદર વાયુ પર્યા., ૫ સંજ્ઞી તિ.પંચે.ના પર્યા., ૨૦૨ મનુષ્યના અપર્યા., ૧૫ કર્મભૂમિના પર્યા. | ૨૪૨ |

**જય – જિનેન્દ્ર**


- ❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- ❋ NEXT CLASS STARTS AUGUST 4TH/5TH MONDAY AND TUESDAY.
- ❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.
- ❋ FOR BOOKS AND EXAM REGISTRATION.